# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા ખેડુત દિનની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા તા: ૦૫.૦૩.૨૦૧૮ ના રોજ આણંદ જિલ્લાના વલાસણ ગામ ખાતે બટાકાના પાકમાં "સંકલીત ખાતર વ્યવસ્થાપન" વિષય પરત્વે પ્રથમ હરોળ નિદર્શનો આપેલ અંતર્ગત નિદર્શન હેઠળના લાભાર્થી શ્રી અમીતભાઈ પટેલના ખેતરે ખેડુત દિન યોજવામાં આવેલ જેમાં ૩૬ ખેડૂતો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં વલાસણ ગામના ગ્રામસેવક શ્રી તુષારભાઈ એસ. મેણાત તેમજ પ્રગતિશીલ ખેડૂત શ્રી વિઠ્ઠલભાઇ પટેલ તથા શ્રી નિકુંજભાઈ પટેલ હાજર રહ્યા હતા. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના વૈજ્ઞાનિક, (બાગાયત) શ્રીમતી અમીતાબેન બી. પરમાર દ્વારા બટાકાની ખેતી કરતા ખેડુત ભાઇઓને બટાકાની ખેતીમાં સંકલીત ખાતર વ્યવસ્થાપન પરત્વે માહિતગાર કરી પ્રથમ હરોળ નિદર્શન અંતર્ગત આપેલ અનુભવ જૈવિક પ્રવાહી ખાતર (એન.પી.કે. કન્સોર્ટીયા કલ્ચર) ના ઉપયોગ દ્વારા મળેલ પરીણામોનું ખેડુતના ખેતર પર તાદ્રશ્ય નિદર્શન કરી તફાવત બતાવેલ અને બટાકામાં વધુ ઉત્પાદન મેળવવા માટેની સલાહ પુરી પાડેલ. ઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે સંશોધન થયેલ અન્ય અનુભવ જૈવિક પ્રવાહી ખાતર જેવા કે રાયઝોબીયમ, એઝોટોબેક્ટર, એઝોસ્પાયરીલીયમ, ફોસફેટ કલ્ચર, પોટાસ કલ્ચર વગેરેના અન્ય પાકોમાં કાર્યક્ષમ ઉપયોગ પરત્વે વિસ્તૃતમાં ચર્ચા કરી તથા આકૃ.યુ. ના મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર ખાતેથી સંશોધીત થયેલ શાકભાજીની વિવિધ જાતો તથા બાગાયત ફાર્મ ખાતે વિવિધ ફળ પાકોની કલમોની ઉપલબ્ધતા વિષે જણાવ્યુ. વલાસણ ગામના પ્રગતિશીલ ખેડૂત/ લાભાર્થી શ્રી અમીતભાઈ પટેલે ખેડૂત ભાઈઓને બટાકાની ખેતીમાં સંકલીત ખાતર વ્યવસ્થાપન અપનાવવાથી તેમને મળેલ સફળતાના આધારે વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા માટેની પ્રેરણા આપી હતી. શ્રી તુષારભાઈ એસ મેણાત, ગ્રામસેવકે ખેતીવાડી ખાતાની કેન્દ્ર પુરસ્કૃત તેમજ રાજ્ય પુરસ્કૃત યોજનાઓનું ખેડૂતોને માર્ગદર્શન આપીનેખેડૂતોને વધુમાં વધુલાભ લેવા સૂચન કર્યું

# કાર્યક્રમની ઝાંખીઓ





